## તા.૧૨/૦૨/૨૦૨૨ ના બોર્ડ ઓફ ડાયરેકટર્સની મીટીંગમાં ઠરાવ નં.૧૩ થી મંજુર કરવામાં આવેલ.
## નામજોગ (વ્યકિતગત)/મંડળી મારફત ખેડુત ખાતેદાર માટે કે.સી.સી.પાક ધીરાણ યોજના

| ક્રમ | મુદા | વિગત |
|---|---|---|
| ૧ | રોકડાના રૂપમાં ધિરાણ : | પાક ધિરાણ સભાસદોને રોકડમાં રૂપમાં કરવામાં આવશે. એટલે કે મંજુર થયેલ શાખની લીમીટનું ડી.એમ.આર. એકાઉન્ટ ખોલવામાં આવશે.અને આ ડી.એમ.આર.લોન ખાતેથી સભાસદ મંજુર થયેલ પોતાની શાખમાંથી પોતાની જરૂરીયાત મુજબ ભરઢોળ કરી શકશે.જે ખાતામાં મહતમ ઉપાડ જેટલી રકમનું ભરઢોળ થયેલ હશે તે ખાતા નિયમીત ખાતા ગણાશે. મુદતના અંતે ઉપાડ કરેલ રકમ વ્યાજ સહિત જે અરજદારની જમા થયેલ હશે. તેને જ વ્યાજ સહાયનો લાભ મળશે. |
| ૨ | કિશાન ક્રેડીટ કાર્ડ યોજના અંતર્ગત : | બેંક દ્રારા ટુંકી મુદત પાક ધિરાણ સહકારી મંડળીઓ મારફત કે વ્યકિતગત રીતે જે કંઈ પણ કરવામાં આવશે તે નાબાર્ડના નિયમોને આધીન કિશાન ક્રેડીટ કાર્ડ યોજના અંતર્ગત કરવામાં આવશે. |
| ૩ | શાખ પત્રક રજુ કરવાની સમય મર્યાદા : | ટુંકી મુદત ધિરાણ માટે અરજી શાખ પત્રક રજુ કરવાની મંજુર થયેલ ધિરાણના ઉપાડની તથા તે પરત ભરપાઈ કરવાની મુદત નીચે મુજબ રહેશે. |

| પાકની સીઝન | શાખ પત્રક રજુ કરવાની છેલ્લી મુદત | ધિરાણ ઉપાડ કરવાની છેલ્લી મુદત | કરજ પરત ભરપાઈ કરવાની છેલ્લી મુદત |
|---|---|---|---|
| ખરીફ(તમામ પાકો) | ૧૫ મી સપ્ટેમ્બર | ૩૦ મી સપ્ટેમ્બર | ૩૦ મી જુન |
| રવિ (શિયાળુ) પાક | ૩૦ મી નવેમ્બર | ૩૧ મી જાન્યુઆરી | ૩૦ મી જુન |
| ઉનાળુ પાક | ૧૫ મી માર્ચ | ૩૧ મી માર્ચ | ૩૦ મી જુન |
| ખરીફ–રવિ ઉનાળુ એમ ત્રણે સીઝન માટેની શાખ એક સાથે મંજુર કરાવી શકાશે.આ રીતે ખેડુતની શાખ આખા વર્ષ માટે મંજુર કરાવી વર્ષ દરમ્યાન સીઝન મુજબ ભરઢોળ કરાવી શકાશે. | | | |

| | | |
|---|---|---|
| ૪ | અકસ્માત વીમા યોજના : | કે.સી.સી.યોજના હેઠળ ધિરાણ મેળવતા ખેડુત ખાતેદાર માટે બેંક ઘ્વારા પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજનામાં જોડાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ યોજનાનું કુલ્લ વાર્ષિક પ્રિમીયમ રૂા.૧૨/– છે.જે પ્રીમીયમ બેંક ઘ્વારા ભરવામાં આવશે.આ યોજના હેઠળ રૂા.૨/– લાખ સુધીનું અકસ્માત વિમા કવચ મળે છે. આ યોજના અંગે ઈન્શ્યોરન્સ કંપનીના ધારાધોરણ લાગુ રહેશે. અકસ્માત વિમો લેવો ફરજીયાત છે. |
| ૫ | વ્યાજ સહાય મેળવવા માટે ધિરાણની મહતમ મર્યાદા :– | એક સભાસદને વધુમાં વધુ રૂા.૩,૦૦,૦૦૦/–સુધી નાબાર્ડના નીતી નિયમો મુજબ સહાય મળી શકશે. |
| **સામાન્ય** | | |
| ૧ | સગીરના નામે ધિરાણ થઈ શકશે નહી. તેમજ મૈયત (મૃતક) સભાસદના નામે શાખ મંજુર કરાવી શકાશે નહી. મૃતક સભ્યના વાસદારને સભ્ય બનાવી તેના નામે શાખ મંજુર કરાવી શકાશે નહી. | |
| ૨ | જે મંડળી પાસે બેંકનું લેણું બાકી હોય તેવી મંડળી બેંકની પૂર્વ મંજુરી વીના બીજી સહકારી મંડળી કે અન્ય બેંકમાં થાપણ મુકી શકશે નહી. | |
| ૩ | ૭/૧૨,૮–(અ) માં સંયુકત નામે જમીન હોય તેવા કિસ્સામાં કોઈ એક ના નામે શાખ મંજુર થઈ શકશે તેવા કિસ્સામાં અન્ય ખાતેદારોએ નિયત નમુનામાં સમંતી કરાર(કુલ્લ મુખ્તીયાર નામુ) લખી આપવાનું રહેશે.આ સમંતી કરાર જયાં સુધી ખેતિવિષયક જમીનમાં ઘટાડો થાય / કોઈના હકક હિસ્સામાં ફેરફાર થાય કે,કોઈ સહ અરજદારનું અવસાન થાય તેવા કિસ્સામાં નવુ સમંતી કરાર (કુલ્લ મુખ્તીયાર નામું) લેવાનું રહેશે.આવા | |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. BHUJ Kachchh

| | | |
|---|---|---|
| | કિસ્સા સિવાય સમંતી કરાર જયાં સુધી લોનની મુદત વધારવામાં આવશે ત્યાં સુધી ચાલુ રહેશે.સગીર સહ અરજદારનું મુખ્યત્યાર નામું માન્ય રાખવામાં આવશે નહી.<br>• ગીરોમા મુકેલ જમીન ઉપર ધીરાણ થઈ શકશે નહી.<br>• ગીરો નોંધ ઝીરો થયેલ હોય તેને ધીરાણ આપી શકાશે. | |
| ૪ | કે.સી.સી ધીરાણ મેળવનાર તમામ ખાતેદારને RUPAY KCC CARD ફરજીયાત આપવાના રહેશે. | |
| | **<u>સભાસદોએ મંડળીના ધારણ કરવાના શેરનું ધોરણ :</u>** | |
| (અ) | **મોટા ખેડુત વિભાગ** | પ્રથમ વર્ષે કુલ્લ ઉપાડના ૭% તથા ત્યારબાદ દર વર્ષે ઉપાડના ૧% લેખે એકંદરે લોન બાકીના ૧૨% સુધી |
| (બ) | **નાના ખેડુત વિભાગ** | પ્રથમ વર્ષે કુલ્લ ઉપાડના ૫% તથા ત્યારબાદ દર વર્ષે ઉપાડના ૧% લેખે એકંદરે લોન બાકીના ૧૦% સુધી |
| | • **<u>મંડળીઓએ બેંકના ધારણ કરવાના શેરનું ધોરણ :</u>** | |
| (અ) | **મોટા ખેડુત વિભાગ** | પ્રથમ વર્ષે કુલ્લ ઉપાડના ૫% તથા ત્યારબાદ દર વર્ષે ઉપાડના ૧% લેખે એકંદર લોન બાકીના ૧૦% સુધી. |
| (બ) | **નાના ખેડુત વિભાગ** | પ્રથમ વર્ષે કુલ્લ ઉપાડના ૪% તથા ત્યારબાદ દર વર્ષે ઉપાડના ૧% લેખે એકંદર લોન બાકીના ૭% સુધી. |
| | • **<u>શાખા પત્રક તૈયાર કરવા સબંધીત સુચનાઓ :</u>** | |
| (૧) | મંડળીઓએ નાના ખેડુતો વિભાગ–૧ તથા મોટા ખેડુત વિભાગ–ર અંતર્ગત અનુસુચીત જાતી,અનુસુચીત જન જાતી,મહિલાઓ,માઈનોરીટી,અન્ય એ રીતે પ્રકારવાર અને ક્રમવાર સભ્યો દર્શાવવાના રહેશે. | |
| (૨) | શાખ પત્રક સાથે તમામ સાધનિક કાગળો જેવા કે, છેલ્લા વાર્ષિક (૩૧ મી માર્ચ) ના તેમજ આગલા માસની છેલ્લી તારીખ સુધીના તમામ વિભાગના હીસાબી પત્રકો, કરજ બાકીદાર સભ્યોની પ્રકારવાર હપ્તાની વિગત સાથેની યાદી,છેલ્લા ઓડીટ/તપાસણી મેમાની દુરસ્તી રીપોર્ટની નકલ તથા જરૂરી તમામ ઠરાવો સહી–સીકકા સાથે રજુ કરવાના રહેશે. | |
| (૩) | મંડળીના કોઈપણ પ્રકારના મુદતવીતી બાકીદારને ધીરાણ થઈ શકશે નહી. શાખ પત્રકમાં કે ડીમાન્ડ ફોર્મમાં કોઈપણ પ્રકારની ખોટી વિગતો રજુ કરવામાં આવશે તો તે માટે મંડળીના પ્રમુખ–મંત્રી જવાબદાર રહેશે. | |
| (૪) | શાખ પત્રકમાં ખાતેદારની ખરીફ,રવિ,ઉનાળુ એમ ત્રણે સીઝનમાં લેવાના પાકની વાસ્તવીક વિગત લખી દરેકની શાખ ભરી, કુલ્લ શાખ દર્શાવવી,પાકના વાવેતર સબંધી જરૂરી નોંધ રેવેન્યુ રેકર્ડ પર ઈ–ધારામાં કરાવી લેવાની તકેદારી મંડળીએ રાખવાની રહેશે | |
| (૫) | રીઝર્વ બેંકની નીતી મુજબ કુલ્લ ધીરાણના ૩૦% ધીરાણ નાના ખેડુતને કરવાનું ફરજીયાત છે. જો મંડળીના વિસ્તારમાં પુરતા નાના ખેડુત ન હોય તો દરખાસ્ત કરી મુક્તિ મેળવી લેવી. | |
| (૬) | શાખ પત્રકમાં સમાવેશ થયેલ ખાતેદારોની જમીન પર અન્ય બેંકોનો બોજો હશે.તો નો–ડયુ સર્ટી સામેલ કરવાના રહેશે. | |
| (૭) | સભાસદોની શાખ પાંચ વર્ષ માટે મંજુર થતી હોઈ દર વર્ષે શાખપત્રક બનાવવાના રહેશે નહી. પરંતુ મંડળીએ બીજા વર્ષથી દર વર્ષ માટે શાખ પત્રકમાં ૧૦% વધારા સાથેની શાખ એક સાથે મંજુર કરાવી લેવાની રહેશે. અને મંડળીએ દર વર્ષે સભાસદર પાસેથી જે તે વર્ષની શાખ મુજબ લોન અરજી મેળવવાની રહેશે. તેમજ પ્રથમ વર્ષના ધીરાણ અંગેના દસ્તાવેજો પાંચમાં વર્ષની લોનની રકમ મુજબ મેળવવાના રહેશે. ત્યાર પછી રીન્યુ સમયે પ્રથમ વખતે કરી આપેલ દસ્તાવેજો ચાલુ રાખવાનો ડિકલરેશન મુકવાનું રહેશે. તેમજ આ રીતે મંડળીએ બેંકને દસ્તાવેજ કરી આપવાના રહેશે. મંડળીએ ધીરાણ ખાતાવહીમાં વર્ષવાઈઝ ખાતા દર્શાવવાના રહેશે. | |
| | **<u>શાખ પત્રક / મિલ્કત પત્રક :</u>** | મંડળીના તમામ સભાસદોનું મિલ્કત પત્રક તલાટી દફતરેથી/ઈ–ધરા કેન્દ્રમાંથી ઉપલબ્ધ છેલ્લી માહિતીના આધારે તૈયાર કરવાનું રહેશે.ઉપરાંત ધીરાણ લેતા સભાસદના ૭/૧૨,૮–(અ),૬ હકકપત્રકની ખાતાની પ્રમાણીત નકલો મંડળીના દફતરે રાખવાની રહેશે.મિલ્કતપત્રકમાં દર્શાવેલ પિયત જમીન અંગે ફોર્મ નં.૧૬(પાણી પત્રક) સામેલ કરવાનું રહેશે.મિલ્કતપત્રકમાં મિલ્કતની કિંમત (વ્ય.કમીટીએ નકકી કરેલ) દર્શાવવાની રહેશે. મિલ્કતપત્રકની વિગતો આધારો સાથે ચકાસી ખરી |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. BHUJ Kachchh

| | |
|---|---|
| | હોવાની ખાત્રી પ્રમુખ/મંત્રી અને શાખા મેનેજરે આપવાની રહેશે.જો કોઈ ખોટી વિગતો દર્શાવેલ હશે તો તે માટે તેઓ અંગત જવાબદાર રહેશે. |
| **એકરાર નામા :** | ધીરાણ મેળવત તમામ સભ્યોના એકરારનામા ત્રણ નકલમાં તૈયાર કરી તલાટી દફતરે/ઈ–ધરા કેન્દ્રમાં નોંધ પડાવી રજુ કરવાના રહેશે.અને રેકર્ડ રાઈટના ધોરણે મંડળીએ બેંકની તરફેણમાં એસાઈન કરાવવાના રહેશે. કાચી નોંધ પાડવા બાદ ધીરાણ કરી શકાશે પરંતુ ૩૦ દિવસ બાદ નોંધ પ્રમાણીત થઈ ગયાની ખાત્રી મંડળીએ કરી લેવાની રહેશે.અને નોંધ પ્રમાણિત થઈ ગયા બાદ બોજાનોંધ વાળા ૭/૧૨ની એક નકલ બેંકમાં રજુ કરવાની રહેશે. બોજા નોંધ પડાવ્યા વગર કરેલ ધીરાણની સંપુર્ણ જવાબદારી પ્રમુખ/મંત્રી અને શાખા મેનેજરની રહેશે. |
| **ડીમાન્ડ ફોર્મ :** | શાખ પત્રક અને મિલ્કત પત્રકમાં દશાવેલ ક્રમ મુજબ બેંકના નિયત નમુનામાં છાપેલ ડીમાન્ડ ફોર્મમાં નામો દર્શાવવાના રહેશે.ડીમાન્ડ ફોર્મમાં મંડળીના રેકર્ડ પરથી ખરી અને પુરી વિગતો દર્શાવવાની રહેશે. શાખા મેનેજરે આ વિગતો પુરી ભરાયેલ છે. તેની ખાત્રી કરવાની રહેશે.અને મંજુર કરેલ માંગણી મુજબની રકમ સભાસદ તરફથી ઉપાડ ફોર્મ બેંકમાં રજુ થયેથી સભાસદના ડી.એમ.આર.લોન ખાતે ઉધારી ખાતેદારોને રોકડેથી ચુકવી આપવામાં આવશે. |
| **ધિરાણ સમયે લેવાના અન્ય દસ્તાવેજો :** | (૧) ધિરાણ પહેલાનું સરવૈયુ (૨) માંગણા પત્રક મંજુર કરતો ઠરાવ (૩) અરજદારો પર અન્ય બેંકના બોજા નથી.તેની બાહેંધરી આપતો ઠરાવ (૪) મંજુરી પત્રની શરતો મંજુર રાખતો ઠરાવ (૫) લોન દસ્તાવેજો પર ઓછામાં ઓછા ૪ જણાને સહીના અધિકાર આપતો ઠરાવ (૬) લોન ખાતા / ચાલુ ખાતામાંથી રકમ ઉપાડવાના અધિકાર આપવાના ઠરાવ (૭) કરજ ખત (૮) વચનચીઠ્ઠી (૯) લેટર ઓફ કન્ટીન્યુઈંગ સીકયુરીટી |
| **ધિરાણ બાદ લેવાના દસ્તાવેજો :** | ૧)ધિરાણ બાદનું સરવૈયુ (૨) બેંક શેર અરજી તથા ઠરાવ |
| **વ્યકિતગત કે.સી.સી.લોન :** | વ્યકિતગત કે.સી.સી.રીન્યુ સમયે જયાં સુધી ખેતિવિષયક જમીનમાં કે તેના હકક–હિસ્સામાં કોઈ ફેરફાર થયેલ હોય તો ટાઈટલ કલીયર સર્ટીફીકેટ નવુ મેળવી લેવાનું અન્યથા પ્રથમ વખતે અરજી સાથે રજુ કરેલ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ચાલશે. જામીન ખત પ્રથમ વખતે નોટરી કરવવાનું રહેશે.ત્યારબાદ જયાં સુધી જામીનમાં ફેરફાર ન થાય ત્યાં સુધી જામીન ખત ચાલશે.અરજદાર તથા બન્ને જામીનદારને દર વર્ષે બેંકના નોમીનલ સભાસદ બનાવવાના રહેશે.તથા લોનના દસ્તાવેજોમાં તેમની સહીઓ મેળવવાની રહેશે. |

**ચીફ એકઝીકયુટીવ ઓફિસર**